Shri S.M.Shah Law College ★ MEHSANA

**જુનિયર ક્લાર્ક વર્ગ - ૩ ની ૧ જગ્યા બિન અનામત (OPEN) અને સિનિયર ક્લાર્ક વર્ગ - ૩ ની ૧ જગ્યા બિન અનામત (OPEN) માટેની કોમન પ્રાથમિક લેખિત પરીક્ષા ની સૂચનાઓ**

**પરીક્ષાની તારીખ: ૧૧/૦૧/૨૦૨૬ વાર: રવિવાર સમય: બપોરે ૦૨:૦૦ થી ૦૩:૦૦**

---

૧. પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨. નિયત સમયના એક કલાક પહેલા જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

૩. ગુજરાત સરકાર અને યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તારીખ ૨૦/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૪૧૩-૧૫ ની શરતોને આધીન રહેશે

૪. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

૫. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો કે મોબાઈલ નો ઉપયોગ કરવો નહીં અને પરીક્ષા ખંડમાં સાથે રાખવા પણ નહીં.

૬. દરેક ઉમેદવારે ફોટો આઈ.ડી. સાથે લાવવું ફરજિયાત છે અન્યથા પરીક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહીં.

૭. ઉમેદવારે માત્ર બ્લેક અથવા બ્લુ બોલપેન નો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈ પણ પ્રકારની પેન કે પેન્સિલ નો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહીં.

૮. આ લેખિત પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ના પ્રસ્થાપિત નિયમ મુજબ રહેશે.

૯. ભાગ - ૧ ની પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૧૦૦ પ્રશ્નોના પ્રશ્ન દીઠ ૧ (એક) ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે.

૧૦. પરીક્ષા નો સમય ૬૦ મિનિટનો રહેશે.

૧૧. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૧૨. ખોટા જવાબ દીઠ, છેક છાકવાળા જવાબ દીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબ દીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે એટલે કે નેગેટિવ માર્કિંગ પદ્ધતિ લાગુ પડશે.

૧૩. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" - "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં.

૧૪. પ્રશ્નોના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટિવ માર્કિંગ) કરવામાં આવશે.

૧૫. ભાગ-૧ ને લેખિત પ્રાથમિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પ્રથમ ૭ (સાત) ઉમેદવારોને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ના પ્રસ્થાપિત નિયમો મુજબ મુખ્ય લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે જેની જાણ પછીથી કરવામાં આવશે.

કાર્યકારી આચાર્ય
શ્રી એસ.એમ.શાહ લો કોલેજ
મહેસાણા.